માત્ર અંગત પ્રસારણ માટે જ

માર્ચ ૨૦૧૨ વર્ષ ૫, અંક ૨

શ્રી રામચંદ્ર મિશન

India ECHOES
ONE WORLD ONE HUMANITY



# ચેન્નાઈ ખાતે માસ્ટર

નવા વર્ષના ઉત્સવની ઉજવણી બાદ, માસ્ટર ગાયત્રી જવાનું આયોજન કરી રહ્યા હતા, પણ તેમની તબીયત નાદુરસ્ત હોવાને કારણે તેમણે આરામ કરવાનો નિર્ણય કર્યો હતો.

સાંજે, ભારતના વિવિધ ભાગોમાંથી આવેલા આવેલા અને વિદેશી અભ્યાસીઓનું એક વિશાળ જૂથ માસ્ટરને મળવા પ્રતિક્ષા કરી રહ્યું હતું. જેવા તેઓ કાર્યાલયમાંથી બહાર આવ્યા, તેવું જ તેમણે કહ્યું, “તમે મને મળવા માટે આટલો બધો સમય મારી ધીરજપૂર્વક પ્રતિક્ષા કરી તેથી હું ખુબ જ ખુશ છું.” આમ કહેતા, તેઓ આશરે ૧૦ મિનીટ પરસાળમાં ઊભા રહ્યા અને ઉપસ્થિત અભ્યાસીઓ સાથે વાત કરીને તેમનો કિંમતી સમય વિતાવ્યો. ત્યાં જર્મની, ફ્રાન્સ વગેરે દેશોમાંથી આવેલા અભ્યાસીઓ ઉપસ્થિત હતા અને માસ્ટરે રમૂજ કરતા કહ્યું, “જર્મની કશાક માટે પ્રખ્યાત છે અને ફ્રાન્સ બ્રેડ માટે પ્રખ્યાત છે, ઈટાલી કોફી માટે પ્રખ્યાત છે અને ભારત આધ્યાત્મિકતા માટે પ્રખ્યાત છે.”

૪થી જાન્યુઆરીના રોજ, માસ્ટરે ધ્યાન ખંડમાં સત્સંગનું સંચાલન કર્યું. પછીના દિવસે, ભાર્ગવ લંડન જવા રવાના થવાના હતા, તેથી માસ્ટરે સવારના ૪ વાગ્યા સુધી જાગવું પડ્યું અને ભાર્ગવને વિદાય આપવા આવ્યા. પછી, માસ્ટર બહાર બેસી રહ્યા અને તેમણે સવારે ૫:૩૦ કલાકે કોફી પીધી.

૭મીના રોજ, મીડીયા ટીમની કાર્યશાળામાં ગયા અને ‘ભાઈચારા’ના વિષય ઉપર વ્યકત્વ્ય આપ્યું. તેમણે શ્રોતાગણને સવાલો પૂછવાથી શરૂઆત કરી. “તમે બધા ખરેખર સાચા અભ્યાસીઓ છો? જો તમે ખરેખર સાચા અભ્યાસીઓ હોવ, તો મને એવું કોઈ પણ કારણ દેખાતું નથી કે ભાઈચારાના વિષય ઉપર કાર્યશાળા હોવી જોઈએ.” તેમણે સુમેળપૂર્વક કામ નહીં કરી શકતા વ્યક્તિગત અહમને કારણે ઊભા થતા ઝઘડાઓ, મતભેદો, જૂથવાદનો સંદર્ભ આપ્યો અને કહ્યું કે તેઓ અભ્યાસીઓ સહિત બધું જ છોડી દેવાનું અને બાબુજી મહારાજના પુરાણા દિવસોની જેમ ઘરે, થોડા અભ્યાસીઓ સાથે મીશન ચલાવવાનો પ્રયત્ન કરવાનું પસંદ કરશે. પછી તેમણે કહ્યું, “હું આશા રાખું છું કે તમે તમારા બુદ્ધીશાળી ભેજામાં કે જે એટલું બધું બુદ્ધીશાળી છે કે બીજાઓની બુદ્ધીની કદર કરતું નથી, તેમાં થોડી અક્કલ લાવી શકશો.” તેમણે ભાઈચારા ઉપર વાતો કરવાને બદલે તેના અમલીકરણ ઉપર ભાર મૂક્યો.



## રવિવાર, ૮ જાન્યુઆરી, ૨૦૧૨

સત્સંગના સંચાલન બાદ, માસ્ટર તેમની કુટીર પર પાછા ફર્યા અને થોડી વાર પછી જ્યારે તેઓ રશીયન ભાષાના પાઠ શિખવા માટે તેમના કાર્યાલય તરફ જઈ રહ્યા હતા, ત્યારે તેમણે તેમને મળવા માટે અભ્યાસીઓને કતારબંધ ઊભેલા જોયા. તેમણે આનંદપૂર્વક કહ્યું, “તમે બધાએ સવારે અદભૂત સત્સંગ મેળવ્યો છે. હવે મારી પાસે વધારાની કોઈ અપેક્ષા રાખશો નહીં.”

તેમના રશીયન પાઠ્યક્રમો પૂરા કર્યા બાદ, તેઓ અભ્યાસીઓના એક જૂથ સાથે તેમના કાર્યાલયમાં વાતચિત કરી રહ્યા હતા. ભાષાઓ વિષે તેમણે કહ્યું, “થોડી શરૂઆતની ભાષાઓમાં, નવી ભાષા શિખવી માત્ર શરૂઆતમાં જ અઘરી હોય છે, એક વાર થોડી ભાષાઓ શિખવાની શરૂઆતની પ્રક્રિયાઓમાંથી પસાર થાવ, ત્યાર પછી નવી ભાષાઓ શિખવી ઘણી સરળ બની જાય છે.” તેમણે કહ્યું, “મોજશોખની કિંમત તમે માનો છો તેના કરતા વધારે ચૂકવવી પડે છે.” “હું જે પણ બધું નથી જાણતો તેનાથી ખુશ છું.”

## મંગળવાર, ૧૦ જાન્યુઆરી, ૨૦૧૨

ફ્રાન્સ અને વેનેઝુએલાથી આવેલા આશરે ચાળીસ અભ્યાસીઓ ધ્યાનખંડમાં એકત્રિત થયા હતા. માસ્ટર આવ્યા અને તેઓનું અભિવાદન કર્યું. માસ્ટરે પૂછ્યું, “કોઈ નવા અભ્યાસીઓ છે?” થોડા અભ્યાસીઓએ હાથ ઊંચો કર્યો. એક અભ્યાસીએ પૂછ્યું, “માસ્ટર, હું પાંચ વર્ષથી અભ્યાસી છું, શું હું નવો અભ્યાસી કહેવાઉં?” જેના ઉત્તરમાં માસ્ટરે કહ્યું, “ના, તમે એક સારા અભ્યાસી છો!” અને દરેક વ્યક્તિ હસી પડી. માસ્ટરે કહ્યું કે હું પચાસ વર્ષોથી અભ્યાસી છું અને હજી પણ મને કેટલાક પ્રશ્નો છે. પણ, પારંપરિક વિજ્ઞાનનું જ્ઞાન, જે શિખી શકાય છે, તેની જેમ આધ્યાત્મિક જ્ઞાન મેળવવું પડે છે.

તેમણે કહ્યું કે બાબુજી એક જ્ઞાનના વિશાળ સમુદ્ર જેવા છે પણ નળ



ખોલીને તેમાથી પ્રાપ્ત કરવા માટે કોઈ જ નથી. તેમણે કહ્યું કે એક પરિસંવાદ દરમ્યાન, જ્યારે તેઓ અભ્યાસીને ખૂબ જ આપવા ઈચ્છતા હતા પણ તેને પ્રાપ્ત કરવા માટે કોઈ જ હતું નહીં ત્યારે મેં બાબુજીને અશ્રુભરેલા નયનો સાથે જોયેલા છે અને બાબુજીએ તેને વાતાવરણમાં વિખેરી દેવું પડ્યું હતું.

એક સવાલ પૂછવામાં આવ્યો, "શું કૃતજ્ઞતા અને અભારમાં કોઈ તફાવત છે?" માસ્ટરે કહ્યું, "હા, એક ઘણો મોટો તફાવત છે. કૃતજ્ઞતા હૃદયમાંથી વ્યકત થાય છે જ્યારે આભાર મનમાંથી આવે છે."

## બુધવાર, ૧૧ જાન્યુઆરી ૨૦૧૨

માસ્ટરે સવારના સત્સંગનું સંચાલન કર્યું અને પછી દસ વિવાહો સંપન્ન કરાવ્યા. સાંજના જમ્મુના નવા આશ્રમનું જીવંત પ્રસારણ સ્કાઈપ ઉપર નિહાળ્યું. રજુઆત બાદ, માસ્ટરે તેઓને કહ્યું કે તેમને એવું મહેસુસ થયું છે કે જાણે કે તેઓ સમગ્ર સ્થળ ઉપર ફરી આવ્યા છે અને અભ્યાસીઓ તેને તેમના દ્વારા ઉદઘાટિત થયું સમજીને ધ્યાનખંડનો ઉપયોગ કરવાનું શરૂ કરી શકે છે.

૧૨મી જાન્યુઆરીના રોજ માસ્ટર ગાયત્રી જવા રવાના થયા અને ૧૪મીના સવારે ૯ કલાકે પાછા ફર્યા.

## રવિવાર, ૧૫મી જાન્યુઆરી ૨૦૧૨

માસ્ટરે ઓમેગા શાળાના ધોરણ ૧૨ના બધા જ વિદ્યાર્થીઓને નાસ્તાપાણી માટે આમંત્રિત કર્યા. નાસ્તાપાણી બાદ, માસ્ટર બહાર આવીને તડકામાં બેઠા. તેમણે કક્ત વિદ્યાર્થીઓને સામે બેસવા જણાવ્યુ અને પછી તેઓની સાથે લાંબા સમય સુધી વાતચિત કરતા રહ્યા. તેમણે કહ્યું, "કોઈએ સફળતાની તલાશ કરવી જોઈએ નહીં, પણ કોઈએ નિષ્ફળ પણ જવું જોઈએ નહીં." શાળાનું શિક્ષણ અને શાળા તથા ઘરે ભણાવાતા નૈતિકતા અને સદાચાર, બંન્ને એક નદીના બે કિનારા જેવા છે અને બે કિનારા વગર નદીનું અસ્તિત્વ હોતું નથી. દરેકે સમજવું જોઈએ કે નદી મધ્યમાં સૌથી ઝડપથી વહે છે અને આપણે પણ મધ્યમાં જ હોવા જોઈએ.



બંન્ને કિનારાઓને જ્યાં હોય ત્યાં જ છોડીને ઝડપથી આગળ ધપતા રહેવું જોઈએ.

૧૭મીથી ૨૨મી જાન્યુઆરી સુધી માસ્ટર રશીયનભાષી અભ્યાસીઓ તથા અગાઉના સી.આઈ.એસ દેશોના અભ્યાસીઓના પરિસંવાદમાં વ્યસ્ત હતા. દરરોજ સત્સંગ કરાવીને અને ભાષણો આપીને તેમણે સમય પસાર કર્યો. આશરે ૫૦૦ની સંખ્યામાં એકત્રિત થયેલા અભ્યાસીઓ સાથે તેઓ ઘણા ખુશ જણાતા હતા. પોતાની કુટીર ખાતે રાત્રી ભોજ આપીને તેઓની આગતા સ્વાગતા કરી અને તેમાંથી કેટલાકની પ્રશિક્ષક તરીકે નિમણુંક કરી અને તેમની કુટીરમાંથી સીસીટીવી દ્વારા ભાઈ ચક્રપાણિ, કમલેશ પટેલ અને પી.આર. ક્રિષ્ણાને પ્રવચન આપતા નિહાળ્યા.

માસ્ટરે ૧૭મી અને ૧૯મી જાન્યુઆરીના રોજ, વ્યકતવ્યો આપ્યા. તેમના વ્યકતવ્યોમાં માસ્ટરે કહ્યું:

### ચારિત્ર્ય ઉપર:

તે આધ્યાત્મિક જીવનનું એક અને એક માત્ર પાસું છે. ઈચ્છાઓ બાહ્ય વસ્તુઓમાં નથી પણ તે મનની અંદર છે. તેમણે કહ્યું કે ઈચ્છાઓ હંમેશા ગુપ્ત હોય છે અને યોગ્ય ક્ષણ આવતા ફાલે છે, આ બધી ઈચ્છાઓને અને લાલચોને, આપણી અંદરથી સાફ કરવાનો એક માત્ર ઉપાય સહજ માર્ગ છે.

### આવશ્યકતાઓ અને ઈચ્છાઓ:

આપણે પોતાની જિંદગીનું સંચાલન કરતા શિખવું જોઈએ અને જરૂરિયાતો અને ઈચ્છાઓનો ભેદ પારખવાની ક્ષમતા વિકસિત કરવી જોઈએ. બધી જરૂરિયાતો મૂળભૂત અને અનિવાર્ય છે, જેમ કે ખોરાક, મકાન અને કપડા જેને પૂરી પડાશે. પણ ઈચ્છાઓ પરિપૂર્ણ કરી શકાય નહીં. તેમણે બાબુજીના સંદેશાનો સંદર્ભ આપ્યો, "સરળતાથી અને કુદરત સાથે સંવાદિતામાં જીવો."





## ત્રિચી ખાતે માસ્ટર

૨૩મી જાન્યુઆરી, સોમવારે, માસ્ટર વિમાન માર્ગે ત્રિચી ગયા. તે તેમની અંગત મુલાકાત હતી. પણ માસ્ટરે જણાવ્યું કે ત્યાં ઘણા અભ્યાસીઓ આવ્યા હતા. જેને માટે કોઈએ કહ્યું કે "માસ્ટરે તેઓને પરવાનગી આપી છે!" માસ્ટરે આ કહીને પ્રતિસાદ આપ્યો કે આ, લોર્ડ્સ ઓફ રીન્ગ ચલચિત્રમાં આવે છે, તેના જેવું છે, જેમા ફ્રોડો ગંડાલ્ફને કહે છે, "અર્ધા પરગણાને પરવાનગી આપવામાં આવી છે અને બાકીના કોઈ પણ રીતે આવવાનો પ્રયત્ન રહ્યા છે." આની ઉપર દરેકને ઘણું હસવું આવ્યું.

લગભગ ૧૪૨ વિદેશી અભ્યાસીઓ માસ્ટર સાથે આવ્યા હતા. રશિયાથી આવેલા આસરે સાઈઠ અભ્યાસીઓ જમીનમાર્ગે આવ્યા હતા. ૨૪મીના તેમણે આરામ કર્યો અને સવારના તડકામાં બેસીને પક્ષીઓના કલરવ તથા તાડીની સુગંધ સાથે કુદરતને માણી. એક સૂક્ષ્મ વાતાવારણે સૌને ઘેરી લીધા અને દરેકે આ અદભૂત આશિર્વાદનો અનુભવ કર્યો. વાતચિત દરમ્યાન તેમણે કહ્યું, "જો દરેક વ્યક્તિ લાંચ નહીં આપવાની કે નહીં લેવાની શપથ લે, તો ભ્રષ્ટાચાર માટે કોઈ અવકાશ જ નથી."

૨૫મીએ માસ્ટરે સવારના સત્સંગનું સંચાલન કર્યું. સત્સંગ પછીના ૨૮મી જાન્યુઆરી ના રોજ, જાનકી ફાર્મ ખાતે ભાઈ ગણેશ અને કુમારેશનો વાયોલીન વાદનનો કાર્યક્રમ હતો, જેને માસ્ટરે માણ્યો હતો. ત્યાંના રોકાણ દરમ્યાન માસ્ટરે બે નવા જન્મેલા વાછરડાનું નામકરણ કર્યું?પદ્મા અને મરુધમ. ૨૯મી જાન્યુઆરીના રોજ તેમણે બે લગ્નો સંપન્ન કરાવ્યા. ૩૦મી જાન્યુઆરીના રોજ, માસ્ટર થંજાવુરની મુલાકાતે જવાના હતા પણ તેઓ નાદુરસ્ત તબિયતને કારણે વિદેશી અભ્યાસીઓ સાથે ભાઈ કમલેશ પટેલ ગયા. તેમણે બે સત્સંગોનું સંચાલન કર્યું અને આશ્રમ તથા રહેઠાણ માટેની વસાહતની જમીનની આસપાસ લટાર મારી.

## ગુરુવાર, ૨ ફેબ્રુઆરી ૨૦૧૨

આશરે ૨૦૦૦ અભ્યાસીઓએ ત્રિચી આશ્રમ ખાતે પૂજ્ય લાલાજીના જન્મ જયંતિના ઉત્સવમાં હાજરી આપી. પછી માસ્ટર છઠી તારીખે ચેન્નાઈ જવા રવાના થયા.

## પાછા ચેન્નાઈમાં

માસ્ટર ૭મી ફેબ્રુઆરીના રોજ ચેન્નાઈ પાછા ફર્યા. અભ્યાસીઓ સાથે વાતચિત દરમિયાન, આપણી જીંદગીમાં નસીબ કેવી ભુમિકા ભજવે છે, તેનો સંદર્ભ આપતા  ઉમર ખય્યામની કેટલીક પંક્તિઓનો તેમણે ઉલ્લેખ કર્યો.





અનૌપચારિક સંમેલનમાં તેમણે કહ્યું, "બાળકોની સંભાળ લો. જે સમાજ પોતાના બાળકો અને સ્ત્રીઓની સંભાળ લેતો નથી, તે વિકાસ પામતો નથી."

૨૬મીના રોજ, માસ્ટરે જાનકી ફાર્મમાંથી આવેલા બધા જ અભ્યાસીઓને રાત્રી ભોજને માટે ઉદારતાથી આમંત્રિત કર્યા. ૨૭મીની સવારે, તેઓ સૂર્યના પ્રકાશમાં બેઠા અને નીચેના મુદ્દાઓને જણાવ્યા:

❖ બાબુજીની ડાબી આંખ હંમેશા ઢળેલી રહેતી. એક વખત મેં તેમને આંખની તપાસ કરાવવા કહ્યું, ત્યારે તેમણે તેના વિષે કહ્યું કે તેઓ તેમની એક આંખ હૃદય ઉપર રાખે છે અને બીજી આંખ બાહ્ય દ્રષ્ટિ માટે રાખે છે.

❖ પણ દર્દ આપણને જાગૃત કરે છે, મોજમઝા નહીં

❖ પહેલાના દિવસોમાં વાલ્વ વાળા રેડીઓ હતા, જેમાં બીબીસી સાંભળવા માટે ખૂબ જ ટ્યુનીંગ કરવું પડતું. તમારે હૃદય માટે આવા ટ્યુનીંગને પસંદ કરવું જોઈએ.

"તે બધું, રાત્રી અને દિવસના શતરંજનુ પાટીયું છે જેમાં માણસનું નસીબ શતરંજના પ્યાદાની જેમ રમે છે, અહીં અને ત્યાં ખસે છે, મ્હાત કરે છે અને મારી નાખે છે અને એક પછી એક મ્હોરા ખોખામાં પાછા ફરે છે."

તેમણે આ પંક્તિઓનો સંદર્ભ એ કહેવા માટે આપ્યો કે આપણે કેટલીક વસ્તુઓનું આયોજન ભલે કોઈ પણ રીતે કરીએ,  પણ ભાગ્ય પોતાની દિશા લે છે.


તેમણે બાબુજીને જણાવ્યું હતું કે ધ્યાનની બેઠક બાદ ઉઠવું અને કામ પર જવું ઘણું કઠીન છે અને બાબુજીએ કહ્યું હતું, "પ્રવૃત્તિ, શરીરનું જીવન છે અને નિષ્ક્રીયતા આત્માનું જીવન છે." માસ્ટરે ઉમેર્યું કે વ્યક્તિનો આત્મા જેટલો વધારે વિકાસ કરે કે જેને નિષ્ક્રિયતાની અવસ્થામાં રહેવું ગમે છે, તે જીવન ઉપર વધારે પ્રભુત્વ જમાવે છે. તે 'સહજ સમાધિ'ની સ્થિતિ સાથે જોડાઈ જાય છે જેમાં તે સભાન તો છે, પણ સંપૂર્ણપણે આત્મસાત થયેલો અને નિષ્ક્રીયતાની અવસ્થામાં છે. આના પછી માસ્ટરે કહ્યું, "મને સૂઈ જવાની ઈચ્છા છે, પણ તેને બદલે, મારી સંકલ્પ શક્તિનો ઉપયોગ કરવાનો છું અને તેથી હવે હું થોડુ કામ કરીશ."



## બુધવાર, ૮ ફેબ્રુઆરી ૨૦૧૨

માસ્ટરે મજાકમાં એક પુસ્તકના શિર્ષક "ફરિસ્તા અને રાક્ષસ"નો સંદર્ભ આપ્યો અને આ સર્જનમાં બંન્નેની ઉપયોગિતા કેટલી છે તે કહ્યું. પછી તેમણે ભગવાન શિવ વિષે વાત કરી, અને તેઓ કૈલાશ પર્વતમાં બરફ ઉપર બેઠા હોય છે ત્યારે તેમના શ્રોતાગણમાં ઋષિઓ, મુનિઓ, દેવો, અસુરો અને રાક્ષસોનો સમાવેશ કેવી રીતે થયો હોય છે. ભગવાન શિવનું નૃત્ય નિહાળવા સમસ્ત સૃષ્ટિ ઉપસ્થિત હતી. જ્યારે ભગવાન વિષ્ણુ વિષે પૂછવામાં આવ્યું, ત્યારે માસ્ટરે કહ્યું કે વિષ્ણુ દયા અને ભલમનસાઈના પ્રતિક છે અને તેમની પાસે આવું શ્રોતાગણ નથી.


માસ્ટર એક અઠવાડીયા માટે ગાયત્રી રહેવા ગયા હતા અને ૧૮મી ફેબ્રુઆરીએ મણાપક્કમ પાછા ફર્યા હતા.




"આમ, સાચી આધ્યાત્મિક તાલિમ તે છે કે જે આપણા મનને શિસ્તબધ્ધ કરે અને ઈન્દ્રીયોનું અને બુધ્ધિનું નિયમન કરી, સંયમને પુનઃસ્થાપિત કરે અને આત્મામાં હળવાપણું ઉત્પન્ન કરે. ત્યાર પછી જ આંતરિક શાંતિ અને સ્વસ્થતા સુનિશ્ચિત થાય છે અને ઉચ્ચતર અભિગમ શક્ય બને છે."

–બાબુજી મહારાજ
સત્યનો ઉદય, પાન ૬૨


# નવા પ્રકાશનો




હાર્ટસ્પીક ૨૦૦૬
મલયાલમ





હાર્ટસ્પીક ૨૦૦૯
અંગ્રેજી



ટ્રુથ ઈટરનલ
તેલુગુ





વોટ ઈઝ સહજ માર્ગ
અંગ્રેજી




ઈટરનલ મેમરીઝ – વો. ૧

પશ્ચિમના અલગ અલગ અભ્યાસીઓ દ્વારા, પૂજ્ય બાબુજી મહારાજની કેટલીક અમૂલ્ય ટુંકી વાતોના ટુકડાઓનો સંગ્રહ આ પુસ્તકમાં છે. તેમા વસંત ઉત્સવની ઉજવણી સહિતનું શાહજહાંનપુરનું જીવન, દિલ્હીમાં ૧૯૬૨માં પૂજ્ય બાબુજીની જન્મ જયંતિની ઉજવણીના અને તેમની યુરોપની મુલાકાતના દ્રશ્યોની આંશિક ઝાંખી સહિતની ઘટનાઓનો પહોળો વર્ણપટ છે




હાર્ટસ્પીક ૨૦૦૯

આ એમપી ૩માં શ્રાવ્ય સીડીમાં, પૂજ્ય માસ્ટર દ્વારા ૨૦૦૯માં અપાયેલા બધા જ પ્રવચનોનો સંગ્રહ છે, જેમાં કુલ ૩૪ પ્રવચનો છે.




ઉત્તરાધિકારીની નિમણૂક

આમા ૩જી ઓક્ટોબર ૨૦૧૧ના રોજ, કોલકાતા ખાતે, પૂજ્ય માસ્ટર દ્વારા ભાઈ કમલેશ પટેલની તેમના ઉત્તરાધિકારી તરીકેની થયેલી નિમણૂક અને મુંબાઈ, અમદાવાદ અને ચેન્નાઈ ખાતે અભ્યાસીઓને પોતાના ઉત્તરાધિકારી તરીકેની ઓળખાણ કરવાતા વિવિધ ટુંકા પ્રવચનો સામેલ કરાયા છે. તેમાં અંતમાં એક નાનો તસવીર પ્રવાસ પણ છે જેમા કમલેશભાઈની આપણા માસ્ટર અને બાબુજી મહારાજ સાથેની જૂજ તસવીરો પણ છે




ઈન્સાન બનો

આ ડીવીડીમાં ગુવાહાટી ખાતે ૯મી ઓક્ટોબર ૨૦૧૧ના રોજ પૂજ્ય માસ્ટર દ્વારા અપાયેલ "ઈન્સાન બનો" શિર્ષક ધરાવતું પ્રવચન છે. ત્યાર બાદ ગુરગાંવ આશ્રમ ખાતેની અનૌપચારિક વાતોનું દૈદિપ્યમાન સત્ર પણ છે. આ બંન્ને હિંદીમાં અપાયેલા પ્રવચનોમાં, એકત્રિત અભ્યાસીઓને ભાઈ કમલેશ પટેલની તેમના ઉત્તરાધિકારી તરીકે કરાવેલી ઓળખાણ પણ સામેલ છે.

# ૧૪૦મી જન્મ જયંતિની ઉજવણી




"આથી, ઓ સત્યના સાધકો! જો તમે ખરેખર આનંદની ખોજમાં હોવ તો તમારી અંદર રહેવાનો પ્રયત્ન કરો, અનંદને તમારા આત્માની અંદર શોધો; આત્માના તબક્કાઓનું ગ્યાન મેળવો; સત્યના શોધક બનો અને તમને શાશ્વત આનંદ મળશે"

–પૂજ્ય લાલાજી મહારાજ
સી ડબલ્યુ આર સી (લાલાજી), પાન ૨૯૩


બેંગલોર

## કર્ણાટક

પરમધામ આશ્રમ, બેંગલોર ખાતે, એક દિવસીય કાર્યક્રમમાં આશરે ૧૨૦૦ અભ્યાસીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક હાજરી આપી. પહેલા સત્રમાં પ્રવચનો અને ત્યાર બાદ પ્રશ્નોત્તરીની હરિફાઈ રાખવામાં આવી હતી. અભ્યાસીઓએ આત્મનિરિક્ષણ કરી, અવતરણો ઉપરની તેઓની સમજ સુધી પહોંચવું પડતું હતું. તે દિવસનો મૂખ્ય વિષય હતો કે અભ્યાસીઓને પોતાની જાતના પરિવર્તન માટે પોતાનું આત્મનિરિક્ષણ જરૂરી છે.

હુબલીમાં ખાતેના કાર્યક્રમમાં બેલુર, ધારવાડ, ગડગ, નવલગુન્ડ, નવનાગર, પુડકલકટ્ટી અને સિરસી કેન્દ્રોથી આવેલા ૨૨૫ અભ્યાસીઓએ ભાગ લીધો. "હી, હુક્કા એન્ડ આઈ" ડીવીડી દર્શાવવામાં આવી. ત્યાર બાદ, અભ્યાસીઓ "કમ્લીટ વર્ક્સ ઓફ રામચંન્દ્રા (લાલાજી)" ના વિષયો ઉપર બોલ્યા. ભજનો, યુવાનો દ્વારા નાટિકા?"દ્રૌપદી ગર્વભંગ" અને પ્રશ્નોત્તર સત્રે દિવસના કાર્યક્રમની શોભા વધારી. કાર્યક્રમનું સમાપન સત્સંગથી થયું. એટલું સુંદર વાતાવરણ પેદા થયું હતું કે ઘણા અભ્યાસીઓને આશ્રમ છોડીને જવાની ઈચ્છા થતી ન હતી.


અલુવા

## કેરાલા

અલુવામાં, એર્નાકુલમ અને ઈડ્ડીકી જીલ્લાઓમાંથી આવેલા અભ્યાસીઓ સત્સંગ માટે ભેગા થયા અને ત્યાર બાદ લાલાજીના જીવન ઉપર એક ટુંકુ ભાષણ અને નાટક રાખવામાં આવ્યા હતા. વિવિધ કેન્દ્રોના અભ્યાસીઓએ અને પ્રશિક્ષકોએ તેઓના લાલજી વિષેના અનુભવોની અને મંતવ્યોની આપ-લે કરી. ભાઈ ઈ. રાધાકુષ્ણને આશ્રમ વિષે કવિતા ગાઈ.

કાસરગોડ ખાતે, યુરોપીયન પરિસંવાદ?"હેવન"ની ડીવીડી દર્શાવવામાં આવી. ત્યાર બાદ પ્રવચનો, દિવ્ય મૌન, ભજનો અને લાલાજીના જીવન ઉપર નાટિકા રાખવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સમાપન સત્સંગથી કરવામાં આવ્યું હતું.


Hubli

ગુલબર્ગા અને બીડરની આસપાસના કેન્દ્રોમાથી આવેલા લગભગ ૩૦૦ અભ્યાસીઓ હુમ્નાબાદ ખાતે એક સમારંભ ખંડમાં એકત્રિત થયા જેમાં સ્થાનિક અભ્યાસીઓએ ઉત્તમ વ્યવસ્થા કરી હતી. ઘણા અભ્યાસીઓ લાલાજી વિષે બોલ્યા.બાળકોએ ભારત નાટ્યમનું નૃત્ય કર્યું અને ભાઈ એસ.એ. ખાઝી અને સાથી વાદકોના જૂથ દ્વારા બાંસુરી વાદનનું આયોજન કરવામાં આવ્યું હતું.


હુમનાબાદ

# એકોઝ ન્યુઝલેટર


શ્રી ગંગાનગર


જોધપુર


અલવર

## રાજસ્થાન

શ્રી ગંગાનગર ખાતે, ભાઈ પારસ પારીકના ઘરે ૧૨૦ અભ્યાસીઓ એકત્રિત થયા. સત્સંગ બાદ, લાલાજીના જીવન વિષે વાચન કરવામાં આવ્યું. શિસ્તને તથા ભંડારાઓમાં અને પોતાના વ્યક્તિગત જીવનમાં પણ સહનશીલતાને કેવી રીતે વણી લેવું તે વિષે ભાઈ મુન્શી લાલે વક્તવ્ય આપ્યું. લાલાજીના જીવન ઉપરની સીડી દર્શાવવામાં આવી. બપોરના ભોજન બાદ "સચ્ચા પ્યાર" અને "પ્યાર બાધાયે" શિર્ષક વાળા માસ્ટરના પ્રવચનોની વીડીઓ દર્શાવવામાં આવી. દરેક અભ્યાસી, આ ઉત્સવમાં ખુલ્લા હૃદયથી હાજર રહ્યો હતો. સી આઈ સી ભાઈ મુન્શીએ બધા અભ્યાસીઓને રવિવારે તથા ભંડારાઓમાં નિયમિતપણે હાજરી આપવા પ્રોત્સાહિત કર્યા.

જોધપુર ૩૮૫ અભ્યાસીઓ અને બાસઠ બાળકો આશ્રમમાં એકત્રિત થયા. અભ્યાસીઓ દ્વારા, બહુ જ સુંદર રીતે તૈયાર કરાયેલ "ગુરુ અને શિષ્ય વચ્ચેના સંબંધો" વિષય ઉપરની નાટિકા ભજવવામાં આવી. બાળકો દ્વારા ખુબ જ ઉત્સાહપૂર્વક અને પ્રેમપૂર્વક વિવિધ સાંસ્કુતિક પ્રવૃત્તિઓ કરવામાં આવી. લાલાજીના જીવન ઉપરનું એક દસ્તાવેજી ચલચિત્ર દર્શાવવામાં આવ્યું અને ત્યાર બાદ સાંજનો સત્સંગ હતો.

અલ્વર આશ્રમ ખાતે, ૧૯૦ અભ્યાસીઓએ સત્સંગો, બાળકો માટે રમતોના સત્રો અને અભ્યાસીઓ માટે 'એક મિનીટ'ના સમય માટે બોલવાના સત્રો સાથે આખો દિવસ પસાર કર્યો. લાલાજીનું જીવન જે ચારિત્ર્યના ઘણા સદગુણોના ઉદાહરણોથી ભરપૂર છે તેને યાદ કરાયું. નિ:સ્વાર્થ પ્રેમ અને સેવા, જેના ઉપર માસ્ટર ભાર મૂકી રહ્યા છે, તે પ્રસંગના મુખ્ય સિદ્ધાંતો હતા.

ભીલવાડાની આસપાસના ગામડાઓ, જેવા કે શાહપુરા, ગંગાપુર, સિકર, વિજયનગર અને બનેડાથી આવેલા ૧૦૦ અભ્યાસીઓ ભીલવાડા આશ્રમ ખાતે એકત્રિત થયા હતા. સત્સંગ પછી થોડા ભજનો ગાવામાં આવ્યા અને લાલાજીના જીવન ઉપર રજૂઆત કરવામાં આવી. કેટલાક અભ્યાસીઓએ પુસ્તકોમાંથી લાલાજીના ઉપદેશો અને કેટલાક પ્રોત્સાહિત કરતા પ્રસંગો વાચ્યા. યુવાનો દ્વારા "આજ્ઞાપાલન" શિર્ષક વાળું નાટક ભજવવામાં આવ્યું.

## મહારાષ્ટ્ર

મુંબઈમાં પનવેલ આશ્રમ ખાતે, આશરે ૬૦૦ અભ્યાસીઓ એકત્રિત થયા હતા. લાલાજીના જીવનના વિવિધ પ્રસંગોને પ્રકાશિત કરતી નાટિકાઓ, પુસ્તક વાચન અને ભજનો દ્વારા એક નાનુ રેખાચિત્ર ઊભું કરવામાં આવ્યું હતું. બપોરના ભોજન બાદ લાલાજી ઉપર ચલચિત્ર પ્રદર્શિત કરાયું હતું.

પુણેમાં, સત્સંગ, ભજનો અને બપોરના હળવા ભોજન બાદ સત્સંગોની ગંભીરતા ઉપર નિવેદન કરતી માસ્ટરની કલીપ દર્શાવવામાં આવી અને ત્યાર બાદ "સાશ્વત સત્ય"માંથી લેવામાં આવેલા અવતરણો ઉપર રજૂઆત કરવામાં આવી. લાલાજીના જીવન ઉપરના ચલચિત્રોના અંશો દર્શાવામાં આવ્યા. અભ્યાસીઓને આત્મનિરીક્ષણ કરવાનો અને પોતાના મંતવ્યોની આપ-લે કરવાનો સમય આપવામાં આવ્યો.

અભ્યાસીઓએ તેમના વ્યક્તિત્વના સૂક્ષ્મ મુદ્દાઓ ઉપર પ્રકાશ ફેંક્યો અને અભિપ્રાય વ્યક્ત કર્યો કે તેઓ બધા જ માટે સમાન હતા. લાલાજીનું જીવન ભૌતિક અને આધ્યાત્મિક સંતુલનથી વણાયેલું હતું. સાંજના સત્સંગ પહેલા ભારત નાટ્યમ નૃત્ય કરવામાં આવ્યું હતું.

ઔરંગાબાદની નજીક લાસુરમાં, આસપાસના કેન્દ્રોના લગભગ ૧૫૦ અભ્યાસીઓ કાર્યક્રમમાં હાજર રહ્યા. ભાઈ સંજય ભાટીયા, સહજ માર્ગે તેમના જીવન ઉપર કરેલી અસર વિષે બોલ્યા, બહેન અનસૂયાએ રવિવારના સત્સંગનું મહત્વ સમજાવ્યું અને ભાઈ સુનીલ ચંદ્રને ગુરુની અગત્યતા ઉપર મોહક રજૂઆત કરી. સાંજના સત્સંગથી દિવસનું સમાપન કરવામાં આવ્યું.

## આસામ

ગુવાહટીમાં, સત્સંગથી પ્રસંગની શરૂઆત કરવામાં આવી, ત્યાર બાદ લાલાજીની સરળ જીવનશૈલી અને કેવી રીતે તેમણે ઘરેલુ સમસ્યાઓ પ્રત્યે વ્યવહાર કર્યો હતો, તેની ઉપર પ્રવચનો રાખવામાં આવ્યા હતા. જાન્યુઆરીના એકોઝ સમાચાર પત્રિકા ઉપર પ્રશ્નોત્તરીની હરિફાઈનો કાર્યક્રમ રાખવામાં આવ્યો જેણે અભ્યાસીઓને સમાચાર પત્રિકાને વાચવા માટે પ્રોત્સાહિત કર્યા. બાળકો માટે ચિત્ર હરિફાઈનું પણ આયોજન કરવામાં આવ્યું હતું


પૂના


મુંબઈ


ગૌહાતી


મિરઝાપુર

## ઉત્તર પ્રદેશ

લખનૌમાં આશ્રમ પર લગભગ ૫૦૦ અભ્યાસીઓ એકત્રિત થયા હતા. સત્સંગ પછી લાલાજીની જીવની વાંચવામાં આવી હતી. ત્યાર બાદ, લાલાજી વિષે ચલચિત્ર બતાવવામાં આવ્યું હતું, જેનાથી દરેકને પોતાના જીવનમાં આત્મનિરીક્ષણ કરવાની પ્રેરણા મળી હતી. બહેનોએ ભજનો ગાયા હતા. બાળકોએ નૃત્ય રજૂ કર્યું હતું, અને યુવાનોએ "જીવનમાં જે કાંઈ બને છે તે ભલા માટે જ હોય છે" તે વિષય ઉપર નાટક ભજવ્યું હતું. વાતાવરણ સૂક્ષ્મ અને સુંદર હતું. દરેક વ્યક્તિ, તેના હૃદયમાં સદભાવ સાથે ઘરે પાછી ફરી હતી.

મિરઝાપુરમાં નવી જ ખરીદેલી આશ્રમની જગ્યા ઉપર ભાઈ આર. આર. ત્રીવેદીએ કાર્યક્રમનું આયોજન કર્યું હતું, જેમાં અમદાવાદ કેન્દ્રના સીઆઈસી પણ હાજર રહ્યા હતા.


તિરૂપુર

## ઉત્તરાખંડ

સત્સંગ પછી, કાશીપુર કેન્દ્ર ખાતે, લાલાજી મહારાજના જીવન ઉપર વ્યક્તવ્ય આપવામાં આવ્યું હતું. લગભગ, ૪૫ અભ્યાસીઓ હાજર રહ્યા હતા, તેઓને લાલાજી મહારાજના જીવનના સદગુણોની ચર્ચા કરવા માટે જૂથમાં વિભાજીત કરવામાં આવ્યા હતા. ત્યાર પછી, જૂથોએ તેમના મુદ્દાઓને રજૂ કર્યા હતા. આદિ ગુરુદેવ માટે આદર, હાર્દિક સન્માન, અને પ્રેમ સાથે તેમના સતત સ્મરણમાં તરબોળ થઈ ગયા હતા. બપોરના ભોજન પછી થોડા ભજનો ગાવામાં આવ્યા હતા અને સાધના ઉપર સ્પષ્ટિકરણો આપ્યા પછી સત્સંગ કરાવીને દિવસનું સમાપન કર્યું હતું.


કાશીપુર


લખનૌ

## ઓરિસ્સા

ઓરિસ્સા ઝોનના કટક ખાતે, ૧૩૬ અભ્યાસીઓએ તે દિવસના કર્યક્રમમાં ભાગ લીધો હતો. સત્સંગ પછી માનવ જીવનના અધ્યાત્મિક વિકાસ માટે, લાલાજી મહારાજના ઉપદેશો વિષે ચર્ચામાં ભાગ લેવા માટે તેઓ ફરીથી એકત્રિત થયા હતા. ચર્ચા એકદમ ચેતનવંતી રહી હતી અને યુવા અભ્યાસીઓએ તેમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. તેમાં, પ્રશિક્ષકોની મિટીંગ, ઓપન હાઉસ (૧૫ વ્યક્તિઓએ ભાગ લીધો હતો) અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## તામિલનાડુ

તિરુપ્પુરનો ધી ડાઈમન્ડ જ્યુબીલી પાર્ક અને આસપાસના કેન્દ્રોના ૭૫૦ અભ્યાસીઓથી ભરચક થઈ ગયો હતો. સત્સંગો ઉપરાંત, ભાષણો અને ત્રણ ગુરુદેવોએ રચેલા પરમ આનંદમય વાતાવરણ ઉપર રજૂઆત કરવામાં આવી હતી. જ્યારે લાગણીસભર રીતે મહાન ગુરુદેવોના જીવનોનો કોમળતાપૂર્વક ઉલ્લખ કરવામાં આવ્યો, ત્યારે બધાના હૃદય તેની પ્રતિક્રિયામાં એકરાગ થઈને પીગળી ગયા હતા. અભ્યાસીઓને સ્વાદિષ્ટ નાસ્તો, બપોરનું ભોજન અને સાંજની ચા આપવામાં આવ્યા હતા. 'તેમની' કૃપામાં બધા જ અભ્યાસીઓ પાછા ગયા હતા.

## ઝારખંડ

ચત્રા ખાતે, ચત્રા અને હજારીબાગ કેન્દ્રોના લગભગ ૩૦ અભ્યાસીઓ, એક દિવસ માટે ભેગા થયા હતા. પ્રશ્નોત્તરનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાંચી કેન્દ્રને આખા દિવસના કાર્યક્રમ માટે સારી રીતે સજાવવામાં આવ્યું હતું, જેમાં લાલાજીના જીવન ઉપર ચલચિત્ર દર્શાવવામાં આવ્યું હતું અને ત્યાર બાદ થોડાં ભજનો ગાવામાં આવ્યાં હતા.

જમશેદપુરમાં ૩૮ અભ્યાસીઓ એકત્રિત થયા હતા, જેમાં, 'ટ્રુથ ઈટરનલ' વાચવામાં આવ્યું હતું અને ત્યાર બાદ ભાષણો અને પ્રશ્નોત્તરનો કાર્યક્રમ રાખવાવામાં આવ્યો હતો.


કટક

# આશ્રમ વિકાસ

## જમ્મુ આશ્રમ



જમ્મુ આશ્રમ

ભારતના સૌથી ઉત્તરના રાજ્ય, જમ્મુ અને કાશ્મીરમાં, જમ્મુ ખાતે સૌ પ્રથમ કેન્દ્ર અને આશ્રમ બન્યો હતો. આશ્રમ રણજીતપુર ગામમાં, ગોલગુજરાલ ખાતે, જમ્મુ રેલ્વે સ્ટેશનથી લગભગ ૧૦ કી.મી, હવાઈ મથકથી ૧૧ કીમી અને બસ સ્ટેન્ડથી ૬ કીમી દૂર આવેલો છે.

આશ્રમ માટે બીજી ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ એક એકર જમીન ખરીદવામાં આવી છે. અને તેમાં રસોડું તથા ભોજનગૃહ(લગભગ ૨૮૦૦ ચો.ફૂટ) બાંધવામાં આવ્યા છે. જ્યાં સુધી ધ્યાન ખંડ બંધાઈ જાય નહીં, ત્યાં સુધી આનો ઉપયોગ ધ્યાન માટે કરવામાં આવશે.

માસ્ટરે ૧૧મી જાન્યુઆરી ૨૦૧૨ના રોજ, તેમની ચેન્નાઈના કાર્યાલયેથી જમ્મુ આશ્રમની તસવીરો અને વીડીઓનો સમાવેશ કરતી જીવંત રજૂઆત નિહાળી હતી. તે જોયા પછી, માસ્ટરે પોતાનો અભિપ્રાય આપતા કહ્યું, “મેં આશ્રમમાં પ્રવેશ કરી લીધો છે અને આશ્રમનું ઉદઘાટન થઈ ગયું છે. આજથી જ ખંડમાં ધ્યાનની શરૂઆત કરો.” તે દિવસે, પહેલો સત્સંગ, સાંજના પાંચ વાગે રાખવામાં આવ્યો હતો અને ત્યારથી નિયમિતપણે ત્યાં સત્સંગ કરવામાં આવે છે.



થરવાઈ આશ્રમ


પચ્ચનુર આશ્રમ

## થરવાઈ, ઉત્તરપ્રદેશ

૧૯૮૩માં, અલાહાબાદથી ૧૩ કીમી દૂર, થરવાઈમાંથી થોડા લોકો મિશનમાં જોડાયા હતા. પ્રશિક્ષકો ભાઈ એલ.કે. ત્રિપાઠી અને ભાઈ સુભાષચંન્દ્ર મિશ્રાના પ્રયત્નોથી, લગભગ ૮૦૦ ચો.મી. જમીન ખરીદવામાં આવી હતી અને ૨૨ માર્ચ ૨૦૦૬માં તેની નોંધણી કરવામાં આવી હતી.

સ્થાનિક વિધાન સભ્ય અને સંસદ સભ્યના અલગ ભંડોળમાંથી મળેલી આર્થિક સહાયથી ૧૦૦૦ ચો.ફૂટ (૨૫’ ઢ ૪૦’)ના ધ્યાન ખંડનું બાંધકામ કરવામાં આવ્યું હતું અને અભ્યાસીઓ તરફથી મળેલા દાનમાંથી વધારાની સુવિધાઓ ઊભી કરવામાં આવી હતી. ધ્યાન ખંડનું વિધિસરનું ઉદઘાટન મિશનના મંત્રી ભાઈ યુ. એસ. બાજપાઈએ કર્યું હતું અને ૧૧મી ડિસેમ્બર, ૨૦૧૧ના રોજ સત્સંગ પણ કરાવ્યો હતો. ઉદઘાટન સમારોહમાં અલાહાબાદ અને તેની આસાપાસના કેન્દ્રોમાંથી મોટી સંખ્યામાં આવેલા અભ્યાસીઓએ હાજરી આપી હતી.

## પચ્ચનુર આશ્રમ, કેરાલા

કન્નુર જીલ્લામાં, પચ્ચનુર–ચિમેની માર્ગ ઉપર, પચ્ચનુરથી ૧૦ કીમી દૂર આશ્રમ આવેલો છે. વિહંગાવલોકનથી સુંદર દેખાતી, આ ત્રણ એકરની જગ્યા ૨૦૦૭માં ખરીદવામાં આવી હતી અને તેને અભ્યાસીઓએ મિશનને દાનમાં આપી હતી. તેની બાજુમાં અભ્યાસીઓએ વસાહત પણ બાંધી છે. ૧૦૦ અભ્યાસીઓ બેસી શકે તેવો કામચલાઉ ધ્યાન ખંડ બાંધવામાં આવ્યો છે. હાલમાં, રવિવારના સત્સંગમાં ૬૦થી ૭૦ અભ્યાસીઓ નિયમિતપણે આવે છે.

૨૭મી જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ, સત્સંગ બાદ, લગભગ ૭૫ અભ્યાસીઓ સ્થળ ઉપર એકત્રિત થયા હતા, અને સીઆઈસી ભાઈ કુન્હીકન્નને રસોડા તથા ટોઈલેટ બ્લોક માટે આધારશીલા રાખી હતી. મોટો ધ્યાન ખંડ અને માસ્ટર કુટીરના બાંધકામ માટે આયોજન કરાઈ રહ્યું છે.

## વ્યાખ્યાતા વિકાસ કાર્યક્રમ-૨

### બાણાશંકરી આશ્રમ, બેંગલોર



બેંગલોરના બાનશંકરી આશ્રમમાં ૩૬ અભ્યાસીઓ માટે આ કાર્યક્રમને ત્રણ ભાગમાં (૧૬મી ઓક્ટોબર, ૫-૬ નવેમ્બર અને ૨૬-૨૭ નવેમ્બર, ૨૦૧૧) સંચાલિત કરવામાં આવ્યો હતો. સહભાગીઓના અભ્યાસને અને માસ્ટરની સાથેની તેમની કડી વધારે મજબૂત કરવાના, સહજ માર્ગનું વધારે ઉંડુ ગ્યાન આપવાના અને સહજ માર્ગની વિશિષ્ટ લાક્ષણિકતાઓને અસરકારક રીતે સમજાવવાના તેના આશયો હતા.

સમૂહ ચર્ચામાંથી પસંદ કરવામાં આવેલા વિષયો ઉપર, અભ્યાસીઓના જૂથો સાથે વાત કરવા માટે તાલિમ આગળ ધપાવવામાં આવી હતી. પાછળથી, તેઓએ પસંદ કરેલા અવતરણોના અર્થ ઉપર બેથી ત્રણ મિનીટ માટે, મંચ ઉપર બોલ્યા હતા. છેવટે તેઓને અલગ અલગ શ્રોતાગણના (અભ્યાસીઓ, વિદ્યાર્થીઓ, ગ્રુહસ્થો, વગેરે) નકલી જૂથો સામે રજૂઆત કરી હતી. ભાગ લેનારાઓની વિષયોની ઉપરના તેમના વિચારોને રજૂ કરવાની તેઓની ક્ષમતા અને વાર્તાલાપની આવડતનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને તેમાં સુધારો લાવવા માટે અધિકૃત સભ્યો દ્વારા સૂચનો પૂરા પાડવામાં આવ્યા હતા.

કાર્યક્રમનું આયોજન ભાઈ સુબ્રમનીયમ, ભાઈ ક્રિષ્ણામુર્તી, ભાઈ પ્રભાકર, ભાઈ જી. સત્યનારાયણ અને બહેન માધુરીએ કર્યું હતું.


## રમત ગમત દિન

### જયપુર, રાજસ્થાન

૧લી જાન્યુઆરી, ૨૦૧૨ના દિવસે જયપુર કેન્દ્રે રમત ગમત દિનનું આયોજન કર્યું હતું. લગભગ ૧૨૦ અભ્યાસીઓએ કાર્યક્રમ ભાગ લીધો હતો. તેનું આયોજન અભ્યાસીઓમાં એકતા લાવવા કરવામાં આવ્યું હતું. તેમાં કૂદકા દોડ, રસ્સી ખેંચ, વડીલોની દોડ જેવી રમતો હતી. વિજેતાઓ તથા જે બાળકોએ શિસ્ત જાળવી હતી, તેઓને ઈનામોની વહેંચણી કરવામાં આવી હતી. વર્ષના પહેલા દિવસે, ભાગ લેનારા અભ્યાસીઓના હ્દયોમાં ખેલદીલીની, બંધુત્વની અને શિસ્તની ભાવના લાવવા માટે, આખા દિવસની પ્રવ્રુત્તિ રાખવામાં આવી હતી.

## સાધના, લક્ષ્ય અને આકાંક્ષા ઉપર યુવા પરિસંવાદ

### હૈદરાબાદ




૧૦મીથી ૧૨મી ફેબ્રુઆરી ૨૦૧૨ સુદી, હૈદરાબાદના ઝોનલ આશ્રમમાં ૫૫ અભ્યાસીઓ અને ૧૨ પ્રશિક્ષકોએ આ પરિસંવાદમાં ભાગ લીધો હતો. માસ્ટરના અવતરણોએ અને એસ.આર.સી.એમ રીટ્રીટ કેન્દ્રની તસવીરોએ, દેખીતી રીતે ઉત્તેજના પેદા કરતું વાતાવરણ સર્જવામાં મદદ કરી હતી.

પહેલો કાર્યક્રમ સાધના અને રોજનિશી લેખન ઉપર હતો. ત્યાર બાદ બધા જ સહભાગીઓ કે જેઓ તેમના પ્રશિક્ષકો સાથે તેમના દૈનિક અભ્યાસમાં આવતા અવરોધોના નિરાકરણ શોધવા માટે પોતાનો સમય આપે છે, તેઓને માટે વ્યક્તિગત બેઠકો રાખવામાં આવી હતી.

શનિવારે માસ્ટરના વક્તવ્યોની બે પત્રિકાઓ વાંચવા માટે અને તેના પર મનન કરવા માટે આપવામાં આવી હતી. બપોરના ભોજન બાદ, અભ્યાસીઓએ રમતોમાં ભાગ લીધો હતો, જેનાથી તેમના બાળપણની યાદો તાજી થઈ હતી.

ભાઈ મલ્લિકે સહભાગીઓને સંબોધ્યા હતા અને ત્યાર બાદ ભાઈ બાલાજી 'લક્ષ્ય' વિષય ઉપર રજૂઆત કરી હતી. ત્યાર બાદ, સહભાગીઓએ સહજ માર્ગના લક્ષ્ય માટેના તેઓના વિચારો જણાવ્યા હતા અને અભ્યાસથી તેની સમજ કેવી રીતે વધી હતી તે જણાવ્યું હતું. રાત્રીના ભોજન પછી વીડીયો સીડી બતાવવામાં આવી હતી.

રવિવારે, ચારિત્ર્ય ટકાવી રાખવા માટેના મહત્વ ઉપર, આ કાર્યક્રમે પ્રકાશ પાડ્યો હતો. માસ્ટરના તાજેતરના વક્તવ્ય "ચારિત્ર્યની સંભાળ"ની પત્રિકા આપવામાં આવી હતી અને બહેન અર્ચનાએ આપણું જીવન ઘડતર કેવી રીતે કરવું જોઈએ, સાદા ફેરફારોથી એકીકરણ કેવી રીતે લાવવું જોઈએ, આપણી આકાંક્ષાઓને અનુરૂપ કેવી રીતે થવું, તે માટેના અરસ પરસ વાર્તાલાપના કાર્યક્રમનું સંકલન કર્યુ આવ્યું હતું.

બપોરના માસ્ટરનો વીડીઓ બતાવવામાં આવ્યો હતો અને ત્યાર બાદ મૌન રહીને આત્મ નિરીક્ષણ કરવાનું કહેવામાં આવ્યુ હતું. તેનો પ્રતિભાવ આંજી દે તેવો હતો. સહભાગીઓએ વિનંતિ કરી હતી કે આવા પરિસંવાદનું આયોજન વારંવાર થવું જોઈએ.



# નિબંધ સ્પર્ધાના પ્રમાણપત્રોનું વિતરણ



## એહમદનગર

૧૧મી ફેબ્રુઆરીના રોજ, નિબંધ સ્પર્ધાની ટીમ દ્વારા ઈનામો અને પ્રમાણપત્રોના વિતરણ માટે ભાગ લેનારી શાળાઓની મુલાકાત લેવામાં આવી હતી. વિજેતાઓને અભિનંદન આપવા માટે તેઓએ શિવાજી સૈનિક શાળા અને શિવશંકર વિદ્યામંદિરની મુલાકાત લીધી હતી. આ વર્ષે એહમદનગર કેન્દ્રે બે ઝોનલ સ્તરના ઈનામો મેળવ્યા હતા. સહજ માર્ગમાં રસ ધરાવનારા શિક્ષકો માટે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું.

## નાસિક

૧૧મી ફેબ્રુઆરીના દિવસે, ભાગ લેનારાઓ માટે અને વિજેતાઓ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દસ વિદ્યાર્થીઓએ તેમના માતા પિતા સાથે ભાગ લીધો હતો. જ્યારે રામચંદ્ર મિશન વિષે સંક્ષિપ્તમાં માહિતી આપવામાં આવી, ત્યારે લગભગ ૩૦ જેટલા ભાગ લેનારાઓ રસપૂર્વક સાંભળવામાં તલ્લિન હતા. તેઓએ યુવાનોમાં યોગ્ય જીવન પ્રત્યેની જાગ્રુતિ લાવવાની મિશને ભજવેલી ભુમિકાને વખાણી હતી. ભાઈ ટાંક દ્વારા ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિજેતાઓને 'ટેલ મી માસ્ટર' પુસ્તકની નકલ અને પેન આપવામાં આવી હતી.

## બેંગલોર

બાનશંકરી આશ્રમ ખાતે યોજાએલ ઈનામ વિતરણ પ્રસંગે, મેંગલોરના ૧૬ વર્ષીય વિજેતા, યશસ્વી નાયકે કહ્યું, "જ્યારે મારા માતા પિતા અમને મેંગલોરમાં એકલો મૂકીને ગયા હતા, ત્યારે મેં દરરોજ ધાર્મિક વિધિથી પૂજા કરવાનું શરૂ કર્યું હતું અને હું વિચારતો કે આ જ આધ્યાત્મિકતા છે. આજે અહીં આવ્યા પછી અને તમને બધાને સાંભળ્યા પછી મેં જાણ્યું કે આધ્યાત્મિકતા એટલે માનવતાની સેવા.'

ત્યાં ૧૧ ઈનામ વિજેતા શૈક્ષણિક સંસ્થાઓના લગભગ ૩૦ મહેમાનો હતા. દક્ષિણ કર્ણાટકની, ૩૩૦૦ વિદ્યાર્થીઓને સમાવતી, ૩૩૦ સંસ્થાઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.





# બી એમ એ ની ૮મી વાર્ષિક ઉજવણી

## કોલકાતા–પ. બંગાળ

### ૨૪મી ડીસેમ્બર, ૨૦૧૧

ખૂબ ઠંડી સવારે, દુર્ગાપુર, બોન્ડાલ, ફરાક્કા, ઝારખંડ રાજ્ય અને કોલકાતાના લગભગ ૭૦ અભ્યાસીઓએ ઉત્સવ ઉજવવા માટે ભેગા થયા હતા. સવારનુ સત્ર 'ધ્યાન' ઉપર હતું અને સાંજનું સત્ર 'સફાઈ' ઉપર હતું. ભાગ લેનારાઓને પાંચ મિનીટના ધ્યાન દ્વારા અંદર રહેલા દિવ્ય પ્રકાશનો સંપર્ક કરવા કહેવામાં આવ્યું હતું. ત્યાર બાદ તેઓને સલવતકારોની દોરવણી હેઠળ પાંચ સમૂહોમાં વહેંચવામાં આવ્યાં અને તેમની સાથે બેસીને વાંચેલા દસ સિધ્ધાંતોના અર્થ ઉપર ઊંડી





વિચારણા કરવાનું કહેવામાં આવ્યું હતું.

બાળ કેન્દ્ર દ્વારા, બાળકોને આખો દિવસ વિવિધ પ્રવૃત્તિઓમાં રોકાયેલા રાખવા માટે ઘણી બધી રચનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ૨૫મી ડિસેમ્બર – બાળકો માટે રમતોત્સવ

રવિવારના સત્સંગ પછી, બાળ કેન્દ્ર દ્વારા, વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકો, યુવાનો અને દાદા–દાદીઓએ પણ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો અને આનંદ મેળવ્યો હતો. ઉત્સવને અનુરૂપ ભોજન બાદ, ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું અને સાંજના સત્સંગ સાથે દિવસની પ્રવૃત્તિઓનો અંત આવ્યો હતો. તેઓ બધાએ તેઓની સાધના ઉત્સાહપૂર્વક ચાલુ રાખવાની વચનબધ્ધતા સાથે આનંદથી ભરપૂર શનિ–રવિ વિતાવ્યા હતા.

## ચારિત્ર્ય ઘડતર ઉપરનો કાર્યક્રમ

### બીકાનેર--રાજસ્થાન



અભ્યાસીઓને, વર્ષ, ૨૦૧૨ના પ્રથમ દિવસે, 'ચારિત્ર્ય ઘડતરના મહત્વ' વિષેના અર્ધા દિવસના કાર્યક્રમમાં આવકારવામાં આવ્યા હતા. ભાગ લેનારાઓને ત્રણ સમૂહમાં વહેંચવામાં આવ્યા હતા અને દરેક સમૂહને ચારિત્ર્ય ઘડતર, વ્યવહાર, પ્રેમ, વિનમ્રતા, ત્યાગ જેવા વિષયો સંબંધિત ચાર વિષયો આપવામાં આવ્યા હતા. તેમની વચ્ચે થયેલી ચર્ચાની રજૂઆત, દરેક સમૂહના એક પ્રતિનિધિ દ્વારા કરવામાં આવી હતી. પ્રેમ, ત્યાગ અને સ્વ-મૂલ્યાંકન દ્વારા સમાજ અને ભૌતિક દુનિયામાં પ્રદર્શિત થતા, તે બધા જ મુદ્દાઓ દર્શાવતા હતા કે માસ્ટર અભ્યાસીઓ પાસેથી શું અપેક્ષા રાખે છે. ભાઈ માનસીંગે, 'સ્વ-મૂલ્યાંકન દ્વારા નકારાત્મકતાને કેવી રીતે દૂર કરવી' એ વિષય ઉપર વાર્તાલાપ આપ્યો હતો. ભાઈ અનિલકુમારે, આપણી પ્રત્યેનો માસ્ટરનો પ્રેમ અને સમર્પણ, તથા આપણે તેનો કેવી રીતે બદલો વાળીએ છીએ, તે દર્શાવતો ભાઈ કમલેશ પટેલનો પત્ર વાંચ્યો હતો. આભારવિધી સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

## પ્રિન્ટ ડીઝાઈન ઉપર તાલિમ કાર્યશાળા

૩૧મી ડિસેમ્બર, ૨૦૧૧ અને ૧લી જાન્યુઆરી ૨૦૧૨ના રોજ પનવેલ ઝોનલ આશ્રમ ખાતે પ્રિન્ટ ડીઝાઈન ઉપર બે દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન, સ્વયંસેવક અભ્યાસીઓ માટે હતું કે જેઓ મિશન માટે પત્રિકાઓ, કેટેલોગ, પોસ્ટર, પુસ્તકો વગેરે ડીઝાઈન કરવા માગતા હોય તેમને તૈયાર માટે કરવામાં આવ્યું. પૂના, મુંબઈ, જલગાંવ અને નાસિકથી ૧૫ જણ ભાગ લેનારા હતા. કાર્યશાળાના કાર્યક્રમમાં ડીઝાઈનના મૂળભૂત સિધ્ધાંતોનો સમાવેશ કરવામાં આવ્યો હતોઅને તેનું મહત્વ ડીઝાઈન બનાવવાની પ્રક્રિયાના ઉપયોગ માટે શિખવ્યું હતું. ભાગ લેનારાઓને ડીજીટલ આર્ટવર્ક બનાવવામાં સોફ્ટવેર કેવી રીતે ઉપયોગી છે, તે શિખવવામાં આવ્યું હતું. પુસ્તકાલયમાં કામ કરતી વખતે, ડીઝાઈનના સિધ્ધાંતો ઉપયોગ કરી, ડીઝાઈનીંગ પોસ્ટર્સ બનાવવામાં ધ્યાન કેન્દ્રિત કર્યું. આ કાર્યશાળાને સારો આવકાર મળ્યો અને મિશનને પણ ડીઝાઈન પૂરી પાડનાર કાર્યકરતાઓ વધુ સંખ્યામાં મળ્યા.

## સ્ટ્રેસ મેનેજમેન્ટ ઉપરનો પરિસંવાદ

### જયપુર, રાજસ્થાન

૮મી જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ, એચ. ડી.એફ.સી, લાઈફ, જયપુર રિજીઓનલ કાર્યાલય ખાતે પરિસંવાદનૂ આયોજન કરવામાં આવ્યું. ભાગ લેનારાઓમાં એચ. ડી.એફ.સી, લાઈફના શાખા પ્રબંધકો હતા કે જેઓ મનના નિયમન દ્વારા તણાવ દૂર કરવાનું શિખવા માટે, ધ્યાન અંગેની ઊંડી સમજ મેળવવા માટે અને સહજ માર્ગ શું આપી શકે છે, તે જાણવા માંગતા હતા.

આ સત્રનું આયોજન શ્રી સંદિપ નાચરે કર્યું હતું અને તેનું સંચાલન ભાઈ મનોજ નાગરે (સીઆઈસી, જયપુર) કર્યું હતું. આજના સ્પર્ધાત્મક જીવનમાં ધ્યાન કેવી રીતે લાભદાયી અને મદદરૂપ છે તે વિષે તેમણે રજૂઆત કરી હતી.

આ સત્ર અસરકારક પ્રતિનિધીઓએ ઘણા પ્રશ્નો પૂછ્યા હતા અને શંકાઓનું નિરાકરણ કર્યું હતું. આ પરિસંવાદ દરેકને માર્ગદર્શન આપતો હતો.

## સ્પેક્ટ્રમ સ્પીરીચ્યુઅલ કલબ દ્વારા નાંદેદ આશ્રમની મુલાકાત



૨૭મી જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ, સ્પેક્ટ્રમ સ્પીરીચ્યુઅલ કલબની ૧૫ મહીલાઓના સમૂહે સહજ માર્ગ વિષે જાણવા માટે , નાંદેડ આશ્રમની મુલાકાત લીધી હતી.

એક્યુ અને એ સત્રનું સંચાલન બહેન શુભદા આપ્ટે દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં ખૂબ જ અર્થ સભર જવાબો સાથે, મહિલાઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી.

ત્યાર બાદ, બહેન સુરભી અને બહેન વિદ્યા દ્વારા સહજ માર્ગની ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી. આશ્રમના વૃક્ષોની છાયામાં, મહેમાનોએ રસોડામાં સ્વયંસેવકો દ્વારા તૈયાર કરાયેલ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણવા સાથે, આ મુલાકાતનું સમાપન કરવામાં આવ્યું.



# ગુલબર્ગા આશ્રમ

# પ્રકાશનું કેન્દ્ર

## બાબુજી બીજ વાવે છે

ગુલબર્ગા ઉત્તરીય કર્ણાટકનું વિભાગીય વડું મથક છે અને બાહમની રાજવંશનુ જન્મ સ્થળ હતું. મિશને તેની શરૂઆત ૧૯૫૭માં કરી અને સ્વ. ભાઈ એસ.એ. સર્નાડજી આ કેન્દ્રના પ્રથમ જૂથના અભ્યાસીઓમાંના એક હતા. પછી, તેઓએ મિશનના મં?ત્રી તરીકે કેટલાક વર્ષો સુધી સેવા આપી હતી.

બાબુજી મહારાજે સન ૧૯૫૭, ૧૯૬૩ અને ૧૯૬૮માં ગુલબર્ગાની મુલાકાત લઈને આ કેન્દ્રનો ઉછેર કર્યો હતો. ગુલબર્ગા ખાતેના વાર્ષિક સમારંભમાં ૧૫મી ડીસેમ્બર, ૧૯૫૭ના રોજ તેમના સંદેશામાં, તેમણે સહજ માર્ગને સુંદર રીતે આ પ્રમાણે સરળ બનાવ્યો: "...મારા વ્યક્તિગત અનુભવને આધારે, હું એક સરળ પધ્ધતિ સૂચવું છું જેને તદ્દન સહેલાઈથી અનુસરી શકાય છે. જો કોઈ પોતાનું હૃદય વેચી શકતો હોય, એટલેકે કે દિવ્ય માસ્ટરને તેની ભેટ ચઢાવી દે, તો પછી તેણે ભાગ્યે જ કાંઈ કરવાનું રહે છે. આ તેને અનંત સત્યમાં લયની અવસ્થાએ સહજ રીતે લાવે છે."

## આશ્રમ અને તેની પ્રવૃત્તિઓ

કેન્દ્ર હવે ૪૫૦ અભ્યાસીઓની સંખ્યા અને રવિવારના સત્સંગમાં ૧૭૦ અભ્યાસીઓની સરાસરી હાજરી સાથે વિકસ્યું છે. હાલનો આશ્રમ જે સેદામ રોડ ઉપર સ્ટેશનથી ૫ કીલોમીટર દૂર આવેલો છે, તેનો શિલાન્યાસ ૨૪મી માર્ચ, ૧૯૯૩ના રોજ માસ્ટર દ્વારા થયો હતો. તે ૧૮૦૦૦ ચોરસ ફૂટ ક્ષેત્રફળ ધરાવતું, બે માળનું મકાન છે, જેમાં ૩૦૦ અભ્યાસીઓની ક્ષમતા ધરાવતો ધ્યાન ખંડ, વિશાળ શયનખંડ, કાર્યાલય કક્ષ, રસોડું, ટોઈલેટ બ્લોક્સ, પુસ્તક ભંડાર અને પુસ્તકાલય છે. રવિવારે સવારે અને મંગળવાર, બુધવાર અને ગુરુવારની સાંજે સત્સંગ રખાય છે.વ્યક્તિગત બેઠકોનું સંચાલન શુક્રવાર તથા શનીવારની સાંજે થાય છે. સ્વયંસેવકોની સમર્પિત ટીમ મિશનની વિવિધ પ્રવૃત્તિઓ માટે સદાય કાર્યરત રહે છે.

## શરણાગતિનું રહસ્ય

માસ્ટર, તેમની ૧૯૮૪, ૧૯૮૭, ૧૯૮૯, ૧૯૯૦, ૧૯૯૩, ૧૯૯૪,૧૯૯૮ અને ૨૦૦૨ની મુલાકાતો દ્વારા, આ કેન્દ્ર અને આશ્રમના વિકાસ માટે સહભાગી રહ્યા છે. તેમની છેલ્લી મુલાકાતમાં, માસ્ટરે શરણાગતિના રહસ્યને છતું કર્યું હતું અને આધ્યાત્મિક વિકાસ એટલે, માસ્ટર માટે કામ કર્યા સિવાય બીજું કશું જ નથી, "શરણાગતિ એક શબ્દ છે, પણ તે જે અનિવાર્ય છે, તે બધા જ વલણોને આલિંગનમાં લે છે અને સૌથી સહેલો રસ્તો, જે રસ્તો મેં અપનાવ્યો હતો, તે છે-- હું તેમનું કામ કરતો રહું છું અને તે કાર્ય કરતુ રહે."

## ભવિષ્ય

તાજેતરમાં, કેન્દ્રે, સેડાર રોડની થોડે આગળ, ૩૪ એકર જમીન ઉપાર્જિત કરી છે, જેમાથી ૧૨ એકર જમીન મિશન માટે આરક્ષિત રખાઈ છે અને બાકીની રહેઠાણ વસાહત માટે છે. માસ્ટરે, નવા આશ્રમનું નામ, "બાબુજી મેમોરીયલ આશ્રમ, ગુલબર્ગા" રાખ્યું છે અને રહેઠાણ વસાહતનું નામ "જીવન એનકલેવ" રાખ્યું છે. હવે પછીના વિકાસના તબક્કામાં, ભવિષ્ય ઈશારો કરતું જણાઈ રહ્યું છે કે ગુલબર્ગા ખૂબ જ ઝડપથી વિકાસ કરશે.









**To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org**

© 2011 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. "Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.